# પાઠ - ૫ વચનને આપણા હૃદયમાં રાખવું

**યાદ રાખો :** *" આકાશ તથા પૃથ્વી જતા રહેશે, પણ મારી વાતો જતી રહેશે નહિં." (માત્થી ૨૪ : ૩૫)*

**પ્રસ્તાવના :** *આપણે જાણીએ છીએ સર્જનની સાક્ષી દ્વારા ઈશ્વર અસ્તિત્વ ધરાવે છે. "કેમ કે તેના અદૃશ્ય ગુણો એટલે તેનું સનાતન પરાક્રમ અને દેવત્વ, જગત ઉત્પન્ન થયું ત્યારથી સૃજેલી વસ્તુઓના નીરિક્ષણથી સ્પષ્ટ જણાય છે. તેથી તેઓ બહાનું કાઢી શકે એમ નથી." (રોમન ૧ : ૨૦) પરંતુ ઈશ્વરનું ચારિત્ર્ય અને તેની ઈચ્છા અને આપણા માટેની યોજના જાણવા આ બધુ માત્ર તેમના આપણને લખેલા વચનના પ્રક્ટીકરણ દ્વારા સમજી શકાય.*

## બાઈબલનું વિહંગાવલોકન

*બાઈબલ ૬૬ પુસ્તકોનું બનેલું છે. પ્રથમ ૩૯ પુસ્તકો જૂના કરાર તરીકે ઓળખાય છે. જે માનવ ઈતિહાસના ૩૬૦૦ વર્ષોનો સમાવેશ કરે છે. બાકી રહેલા ૨૭ પુસ્તકો નવા કરાર તરીકે ઓળખાય છે. જે ખ્રિસ્તના જન્મથી શરૂ કરીને ૧૦૦ વર્ષોના ગાળાના સમાવેશ કરે છે.*

*જૂના કરારના પુસ્તકો યહુદી ધર્મ અને ઈતિહાસ વિશેનો સમાવેશ કરે છે. તેમાં મુખ્યત્વે યહુદી અને બધી સંસ્કૃતિને સંબંધિત કવિતા અને ભવિષ્યવાણી છે.*

*નવો કરાર સુવાર્તા (ઈસુખ્રિસ્ત વિશેના સારા સમાચાર) શરૂઆતની મંડળીનો ઈતિહાસ, વિવિધ મંડળીઓને લખાયેલા પત્રો અને અંત સમયની ભવિષ્યવાણીનો સમાવેશ કરે છે.*

## પુરાવા જે બાઈબલની ચોક્કસતાને સમર્થન આપે છે.

*જુદા જુદા ૩૨ માણસો પવિત્ર વચનો લખવા માટે જવાબદાર હતા, તેમ છતાં માત્ર એક જ લેખક છે.*

*(૧) ૨ તિમોથી ૩ : ૧૬ કહે છે કે ...................... શાસ્ત્ર ઈશ્વર ...................... છે. (આ સંદર્ભમાં શબ્દ પ્રેરિત એટલે "ઈશ્વરે શ્વાસ ફૂંક્યો)"*

*(૨) શું માણસોએ પોતાની ઈચ્છા અને સમજણશક્તિથી લખ્યું ? (૨ પિત્તર ૧ : ૨૦-૨૧)*

## ઈતિહાસ અને પુરાતત્વવિદ્યા

*પુરાતત્વવાદની શોધખોળો દ્વારા બાઈબલના લોકોના નામો, શહેરો, રાષ્ટ્રો અને બનાવોને સમર્થન મળી ચૂક્યું છે. ૧૯૪૭ માં બે ભરવાડ છોકરાઓએ મૃતસમુદ્ર પાસેથી ૧૯૦૦ વર્ષો પહેલાના ઓળિયા શોધી કાઢ્યા. એ ઓળિયાઓમાં યશાયાના પુસ્તકની એક નકલ મળીહતી. જે પહેલાની કોઈપણ જાણીતી હસ્તપ્રત કરતાં એક હજાર વર્ષ જૂની છે. તેમ છતાં જ્યારે તેને કીંગ જેમ્સ આવૃત્તિમાં અનુવાદ કરવા ઉપયોગમાં લેવાયેલી હસ્તપ્રતો સાથે*

સરખાવવામાં આવી ત્યારે મૃતસમુદ્ર પાસેથી મળેલા ઓળિયાઓમાંનું ૯૫ ટકા કરતાં વધારે લખાણ શબ્દશઃ મૂળ લખાણને સમાંતર હતું. પાંચ ટકા કરતા ઓછો તફાવત શબ્દની જોડણી અને વિરામચિહ્નોને આધારિત હતો.

## ભવિષ્યવાણી

બાઈબલ સિવાય બીજું એક પણ પુસ્તક એવું નથી કે જે સમયથી તે લખાયુ ત્યારથી તેમાં રહેલી ભવિષ્યવાણીઓ સૌથી વધુ ચોકસાઈ સાથે પરિપૂર્ણ થઈ ચૂકી છે. આપણે જાણીએ છીએ કે બાઈબલમાં રહેલી૧૦,૦૦૦ કરતાં વધુ ભવિષ્યવાણીઓ તેમની ઝીણામાં ઝીણી વિગતો સાથે પરિપૂર્ણ થઈ ચૂકી છે. એકલા ખ્રિસ્તના જીવનકાળ દરમિયાન જ ૩૩૩ ભવિષ્યવાણીઓ પરિપૂર્ણ થઈહતી. તેમાંની ૨૯ તો ૨૪ કલાકના સમયગાળા દરમિયાન જ પરિપૂર્ણ થઈ હતી કે જે ઈસુ ખ્રિસ્ત પરના વિશ્વાસઘાત, કસોટી, દુઃખસહન, મૃત્યુ અને દફનને સંબંધિત હતી.

## ઈશ્વરના વચનનું સાતત્ય

અનિશ્ચિતતા અને સતત બદલાતા જગતમાં એ જાણવું રાહત આપનારું છે કે આપણે આપણા જીવનો ચોક્કસ પાયા ઉપર બાંધી શકીએ છીએ કે જે કસોટીના સમયે પણ ટકી રહેશે.

(૧) “ઘાસ સુકાઈ જાય છે, ફૂલ ચીમળાય છે, પણ આપણાં ......................., ......................., ....................... સુધી કાયમ રહેશે.” (યશાયા ૪૦ : ૮)

(૨) “આકાશ તથા પૃથ્વી ......................., ......................., પણ મારી ....................... જતી રહેશે .......................” (માત્થી ૨૪ : ૩૫)

(૩) “પણ ....................... નું ....................... ....................... રહે છે.” (૧ પિત્તર ૧ : ૨૫)

## ઈશ્વરના વચનનું સામર્થ્ય

(૧) “કેમ કે દેવનો શબ્દ ....................... ....................... તથા બેધારી ....................... કરતાં પણ વિશેષ છે. તે જીવ તથા આત્માને અને સાંધા તથા મજ્જાને જુદા પાડે એટલે સુધી વીંધનારો છે અને હૃદયના વિચારોને તથા ભાવનાઓને પારખનાર છે. ” (હિબ્રૂ ૪ : ૧૨)

(૨) “કેમ કે સુવાર્તા વિશે મને શરમ લાગતી નથી, કારણ કે દરેક વિશ્વાસ કરનારને તે દેવનું ....................... પમાડનારુ ....................... છે.” (રોમન ૧ : ૧૬)

(૩) “વળી યહોવા કહે છે કે, મારું વચન ....................... સરખુ તથા ખડકને ફોડનાર ....................... સરખું નથી ?” (યર્મિયા ૨૩ : ૨૯)

# ઈશ્વરના વચનના લાભો

(૧) ગીતશાસ્ત્ર ૧૧૯ : ૭૨ આપણને કહે છે કે ઈશ્વરનું વચન હજારો સોનારૂપા કરતાં વધારે મૂલ્યવાન છે. નીચે આપેલા વચનો કેટલાક અમૂલ્ય લાભો જે આપણે ઈશ્વરના વચનમાંથી પ્રાપ્ત કરીએ છીએ તેની યાદી દર્સાવે છે તે લાભોની યાદી બનાવો.

(૧) .............................................. ( ૧ પિત્તર ૧ : ૨૩-૨૫, યાકૂબ ૧ : ૧૮)

(૨) .............................................. (રોમન ૧૦ : ૧૭)

(૩) .............................................. (હિબ્રૂ ૪ :૧૨)

(૪) .............................................. ( ૧ પિત્તર ૨ : ૨)

(૫) ...................... અને ......................(ગીતશાસ્ત્ર ૧ : ૩)

(૬) ...................... અને ......................(યહોશુઆ ૧ : ૮)

(૭) ...................... અને ......................(ગીતશાસ્ત્ર ૧૧૯ : ૯૮ - ૧૦૦)

(૮) .............................................. (યોહાન ૮ : ૩૧-૩૨)

(૯) .............................................. (યોહાન ૬ : ૬૩)

(૧૦) .............................................. (ગીતશાસ્ત્ર ૧૧૯ : ૧૬૫)

(૧૧) .............................................. (ગીતશાસ્ત્ર ૧૧૯ : ૧૦૫)

(૧૨) .............................................. (ગીતશાસ્ત્ર ૧૧૯ : ૯) (એફેસી ૫ : ૨૬)

(૨) વિશ્વાસીને વચનો શું લાભ આપે છે ? (૨ તિમોથી ૩ : ૧૬-૧૭)

(૧) ...................... (૨) ......................

(૩) ...................... (૪) ......................

(૩) " જેથી દેવનો ભક્ત ...................... તથા સર્વ ......................, ...................... કરવાને સારું તૈયાર થાય. "

# ઈશ્વરનું વચન આપણા હૃદયોમાં

(૧) શું ઈશ્વર આપણને વચન હૃદયમાં રાખવા સૂચના આપે છે કે આજ્ઞા ? (પુનર્નિયમ ૬ : ૬)

(૨) શા માટે વચન આપણે આપણા હૃદયમાં રાખવું જોઈએ ? (ગીતશાસ્ત્ર ૧૧૯ : ૧૧)

..........................................................................................

(૩) નીતિવચનો ૬ : ૨૦-૨૩ આપણને કહે છે કે આપણે ઈશ્વરના વચનને સતત આપણી સંમુખ રાખવાની જરૂર છે. જો આપણે એમ કરીએ, જ્યારે આપણે ચાલીએ ત્યારે તે આપણને ...................... જ્યારે આપણે સૂઈ જઈએ, ત્યારે તે આપણી કરશે. અને જ્યારે આપણે જાગીએ, ત્યારે તે આપણી

.................. કરશે.

## કેવી રીતે વચનનો ઉપયોગ કરવો.

*નીચે આપેલા વચનના પસંદિત ભાગો આપણને કેવી રીતે ઈશ્વરના વચનનો અસરકારક રીતે ઉપયોગ કરવો તે અંગે સૂચના આપે છે. (ખાલી જગ્યા પૂરો)*

(૧) ........................................... (પ્રેરિતોના કૃત્યો ૧૭ : ૧૧)

(૨) ........................................... (૨ તિમોથી ૨ : ૧૫)

(૩) ........................................... (રોમન ૧૦ : ૧૭)

(૪) ........................................... (ગીતશાસ્ત્ર ૧૧૯ : ૧૧)

(૫) ........................................... (ગીતશાસ્ત્ર ૧ : ૨)

(૬) ......................, ...................... અને ...................... (પ્રક્ટીકરણ ૧:૩)

(૭) ........................................... (યોહાન ૧૪ : ૨૩)

## કેવી રીતે વચનનો દુરૂપયોગ કરવો

(૧) નીચે આપેલા વચનોને જોડો

(અ) હોશિયા ૪ : ૬ - જે લખેલું છે તેમાં ઉમેરવું અથવા કાઢી નાખવું.

(બ) ૨ કરિંથી ૪ : ૨ - તેનો અનાદર કરવો

(ક) પ્રક્ટીકરણ ૨૨ : ૧૮-૧૯ - સાચા અર્થની વિકૃત રજૂઆત કરવી.

(ડ) ૨ પિત્તર ૩ : ૧૬ ઠગાઈથી વર્તવું.

## સારાંશ

*“મારા દિકરા, જો તું મારા વચનોનો અંગીકર કરશે, અને મારી આજ્ઞાઓને તારી પાસે સંઘરી રાખીને જ્ઞાન તરફ તારો કાન ધરશે, અને બુધ્ધિમાં તારું મન પરોવશે, જો તું વિવેકબુધ્ધિને માટે ઘાંટો પાડશે, અને સમજણ મેળવવાને માટે ખંત રાખશે. જો તું રૂપાની પેઠે તેને ઢૂંઢશે, અને દાટેલા દ્રવ્યની પેઠે તેની શોધ કરશે, તો તને યહોવાના ભયની સમજણ પડશે. અને દેવનું જ્ઞાન તારે હાથે લાગશે.” (નીતીવચનો ૨ : ૧-૫) એ તો ઈશ્વર જાણે કે કહી રહ્યા છે, “મારા વચનને ગંભીરતાથી લો.”*

*ઈશ્વર પાસેથી જ્ઞાન મેળવવું સહજ રીતે બનતું નથી. એમાં કોઈ ફક્ત ઘસડાતું નથી, ત્યાં તેમણે જે લખેલુ છે તે બધુ વાંચવાનો ઈરાદાપૂર્વકનો નિર્ણય હોવો જોઈએ. દરેકે દઢ નિર્ણય અને હૃદયના પૂરા સ્વાર્પણથી પ્રતિક્રિયા આપવી જ જોઈએ.*

*ઈશ્વરના વચનને પ્રેમ કરો ! તેને વાંચો, માન આપો અને વહેંચો ! તે સમય દૂર નથી જ્યારે બાઈબલ ખરેખર તમારા જીવનનો એકભાગ બની જશે. અને તમે દાઉદની જેમ કહી શકશો.*

*"મારી રૂચિને તારા વચન કેવા મીઠાં લાગે છે !*

*તેઓ મારા મોઢાને મધના કરતાં વધુ મીઠાં છે !"*

*(ગીતશાસ્ત્ર ૧૧૯ : ૧૦૩)*

## ઉત્તરો

**પુરાવા જે બાઈબલની ચોક્કસતાને સમર્થન આપે છે**

(૧) *દરેક પ્રેરિત* (૨) *ના*

**ઈશ્વરના વચનનું સાતત્ય**

(૧) *દેવનું વચન, સર્વકાળ* (૨) *જતા રહેશે વાતો નહિ*

(૩) *પ્રભુવચન સદાકાળ*

**ઈશ્વરના વચનનું સામર્થ્ય**

(૧) *જીવંત, સમર્થ, તરવાર, તીક્ષ્ણ* (૨) *તારણ, પરાક્રમ*

(૩) *અગ્નિ*

**ઈશ્વરના વચનના લાભો**

(૧) *ઈશ્વરથી જન્મેલા*

(૨) *વિશ્વાસ પ્રાપ્ત થાય છે.*

(૩) *સામર્થ્ય*

(૪) *દૂધ (આત્મિક ખોરાક)*

(૫) *સમૃધ્ધિ અને ઉત્પાદન શક્તિ*

(૬) *આબાદી અને સફળતા*

(૭) *ડહાપણ અને સમજણ*

(૮) *સ્વતંત્રતા*

(૯) *જીવન*

(૧૦) *શાંતિ*

(૧૧) *પ્રકાશ (અજવાળું)*

(૧૨) *શુધ્ધ કરે છે*

(૨) *બોધ, નિષેધ, સુધારા, ન્યાયીપણાનું શિક્ષણ*

(૩) *સંપૂર્ણ, સારા કામ*

**ઈશ્વરના વચનો આપણા હૃદયમાં**

(૧) આજ્ઞા (૨) આપણે ઈશ્વરની વિરૂદ્ધ પાપ ન કરીએ માટે

(૩) દોરશે, ચોકી, વાતચીત

**કેવી રીતે વચનનો ઉપયોગ કરવો**

(૧) શોધવું

(૨) અભ્યાસ કરવો

(૩) સાંભળવું

(૪) રાખી મૂકવું (યાદ રાખવું)

(૫) મનન

(૬) વાંચવું, સાંભળવું, પાળવું

(૭) પાળવું.

**કેવી રીતે વચનનો દુરૂપયોગ કરવો**

(૧) ક, અ, ડ, બ